**–: અંક–૧ લગત હુકમ :–**

**૧.** આજ રોજ કેસ રૅકર્ડને ઘ્યાને લેતાં, આરોપી વિરૂઘ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી. ફરિયાદ પક્ષે, પોલીસે પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી અને નિષ્કાળજી દાખવેલ છે. જે સંજોગો જોતાં આ કેસ પેન્ડીગ રાખવામાં કોર્ટનો અને રાજયનાં અધિકારીઓનો કિંમતી સમય બગડે છે.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઑથૉરીટીએ પરિપત્ર દ્વારા સ્પેશિયલ સીટીગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે. આ સબંધે નામ.ગુજરાત હાઈકોર્ટનો પત્ર નંબર ડી/૨૯૧૭/૨૦૦૬ તા:૨૭/૦૪/૨૦૦૬ ઘ્યાને લેતા નીચેના ચુકાદા ઘ્યાને લીધો.

(૧) ૧૯૯૭(૩) જી.એલ.આર.–૧૯૪૬
સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ

(૨) ૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯
પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક

આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૨૫૮ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**કલમ : ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા :–**

**ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસ**માં પ્રથમ વગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પૂર્વમંજૂરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી

અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

**૪.** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨ (ઘ) પરથી શરૂ થયેલ નથી. આ કામેનું રેકર્ડ જોતાં, આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજે પરત આવેલ નથી. હાલનો કેસ ઘણો જૂનો છે. રેકર્ડ જોતાં, આરોપી નજીકનાં ભવિષ્યમાં મળી આવે, તેવી શકયતા જણાતી ના હોઈ તેમજ સદર કેસ નુ રેકર્ડ ધ્યાને લેતા સદર કેસ આગળ ચલાવવા માટે પેન્ડીગ રાખવો તે કોર્ટનો સમય તેમજ રાજય ના અધિકારીના સમયના બગાડ કરવા બરાબર જણાય આવે છે તે અન્વયે સદર કેસ નુ પ્રોસીડીગ આ તબકકે અટકાવી દેવું ન્યાયોચીત જણાય આવે છે . વધુ માં સદર કામે મહત્વ નો કોઈ પુરાવો પણ લેવામાં આવેલ ન હોય, તે જોતાં હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ "બંધ રાખી", આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૧૦/૦૨/૨૦૧૮.**
**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**<u>Prakash B. Patel, P.A.</u>**